**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આશુતોષ અંતાણી**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 18-11-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## રાજ્ય સરકાર : માર્ગ સુધારણા

રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને વધુ સરળ-સલામત અને ઝડપી વાહન વ્યવહાર યોગ્ય રાખવા 61 માર્ગોની પહોળાઈ વધારવા 2 હજાર 995 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યાં છે. સતત વધતા વિકાસને પરિણામે રાજ્યમાં વધી રહેલા વાહન વ્યવહારને કેરેજ-વેની જરૂરી પહોળાઈ સાથેના માર્ગો ઉપલબ્ધ કરાવવાનો ઇઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન માટે રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.

રાજ્યના 21 રસ્તાઓની 203.41 કિલોમીટર લંબાઇને ફોર લેન કરવા 1 હજાર 646.44 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. જ્યારે 15 માર્ગોની 221.45 કિલોમીટર લંબાઇને 10 મીટર પહોળા કરવા 580 કરોડ કરતાં વધુ રૂપિયાઅને 25 રસ્તાઓની 388.89 કિલોમીટર

લંબાઇને 7 મીટર પહોળા કરવા 768  કરોડ કરતા વધુ રૂપિયાની રકમ મંજૂર કરી છે.

**RNU અમદાવાદ**

---

## મુખ્યમંત્રી : ધંધૂકા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગઇકાલે ધંધુકામાં  246 કરોડથી વધુ રૂપિયાના ૧૮૪ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે  ભાલ પ્રદેશ તીવ્ર ગતિએ વિકસી રહ્યો છે.

આ વિસ્તારમાં એક હજાર કરોડ રૂપિયાના વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીના નેતૃત્વના પગલે ગુજરાત દેશમાં રોલ મોડલ બન્યું છે. ધંધૂકાની મુલાકાત દરમિયાન તેમણે પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ દ્વારા નિર્મિત લોકકલા સંગ્રહાલય 'વિરાસત'ને ખુલ્લું મૂક્યું હતું.

આ સંગ્રહાલયમાં પ્રાચીન ચીજવસ્તુઓ અને ખ્યાતનામ ચિત્રકારોની કૃતિઓ સંગ્રહિત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના ધંધુકા પ્રવાસ દરમિયાન રેસ્ટ હાઉસ ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી મ્યુઝીયમનું લોકાર્પણ કર્યું હતું.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય : મતદારયાદી સુધારણા કાર્યક્રમ

રાજ્યમાં ગઇકો તા. 23 તેમજ 24 નવેમ્બર દરમિયાન ત્રણ તબક્કામાં મતદાર સુધારણા યાદીનો કાર્યક્રમ યોજાયો છે.. કેન્દ્રીય ચૂંટણી પંચની સુચના અને મુખ્ય ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ ગઇકાલે આ મતદાર સુધારણા કાર્યક્રમનો પહેલોતબક્કો પૂર્ણ થયો છે.

જ્યારે હવે તા. 23 અને 24મી નવેમ્બરે ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાશે. આ ખાસ ઝૂંબેશ અંતર્ગત ગઇકાલે રાજ્યના તમામ મતદાન મથક ખાતે સવારે 10થી સાંજે પાંચ વાગ્યા સુધી બુથ લેવલ ઑફિસર જરૂરી ફોર્મ સાથે ઉપસ્થિત રહ્યાહતા. આગામી પહેલી જાન્યુઆરી, 2025ની લાયકાતની તારીખે 18 વર્ષ પૂર્ણ કરતા હોય તેવા યુવાઓની માટે મતદાર તરીકે નોંધણી કરાઇ હતી.. આ. આ ઉપરાંત મતદાર યાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદાર યાદીમાંથી નામ કમી અંગેના કરાવવા ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરાઇ હતી. વધુમાં ખાસ ઝૂંબેશના દિવસો સિવાય 28 નવેમ્બર 2025 સુધી સંબંધિત જિલ્લા કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારીની કચેરી તેમજ મામલતદાર કચેરી ખાતે રાખવામાં આવેલી મતદાર યાદીમાં પોતાનું તથા પોતાના પરિવારજનોનું નામ ચકાસી શકાશે.

**RNU અમદાવાદ**

---

## ચૈન્નાઇ : સંસદીય સમિતિ બેઠક

ચૈન્નાઇમાં યોજાયેલી સંરક્ષણ અંગેની સંસદિય સ્થાયિ સમિતિની બેઠકમાં ગુજરાત સહિત દેશના દરિયાઇ કિનારા ક્ષેત્રની સલામતી અને ભારતીય તટરક્ષક દળની કામગીરીની સમીક્ષા કરવામાં આવી છે.

શ્રી રાધા મોહન સિંહના વડપણ હેઠળના પ્રતિનિધિ મંડળ ધ્વારા આજે યોજાયેલી બેઠકમાં સંરક્ષણ મંત્રાલય અને ભારતીય તટરક્ષક દળના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

**RNU** અમદાવાદ

---

## દિવાળી વેકેશન પૂર્ણ

દિવાળી વેકેશન પૂર્ણ થતા આજે 18 નવેમ્બર સોમવારથી સમગ્ર રાજ્યની સાથે જિલ્લામાં પણ શાળા-કોલેજોનું બીજું સત્ર શરૂ થવા સાથે વિદ્યાર્થીઓ અભ્યાસ કાર્યમાં ફરી પ્રવૃત થશે.

જાગૃતિ વકીલ

---

## પ્રધાનમંત્રી : ઝારખંડ-જમુઇ : બિરસા મુંડા

રશિયાના મોસ્કો ખાતે યોજાયેલી વિશ્વ પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં જિલ્લા મથક ભુજના પિતા-પુત્ર નિખિલ અને વત્સલ મહેશ્વરી પોત પોતાના વય અને વજન ગ્રૂપમાં ચેમ્પિયન બની વિશ્વ વિજેતા થયા હતા.

**N.P. / આશુતોષ અંતાણી**

---

## હવામાન

જિલ્લામાં શિયાળાએ પોતાની પક્કડ મજબૂત કરી છે. ખાસ કરીને જિલ્લાના રણ પ્રદેશ અને સરહદી ગામડાઓમાં ઠંડીથી જનજીવન પ્રભાવિત થયું છે. ગાંધીનગર બાદ અબડાસા તાલુકાનું નલિયા રાજ્યમાં બીજું સૌથી ઠડું મથક રહ્યું હતું. જ્યારે જિલ્લા મથક ભુજમાં ગઇકાલે રવિવારે લઘુત્તમ તાપમાન 21.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી 2થી 3 દિવસ દરમિયાન જિલ્લામાં લઘુત્તમ તાપમાન 2થી 3 ડિગ્રી હજુ વધુ નીચું જાય તેવી સંભાવના છે.

**N.P. / આશુતોષ અંતાણી**

---

## બિહાર : મહિલા એશિયન હોકી સ્પર્ધા

બિહારમાં યોજાઇ રહેલી મહિલાઓની એશિયાઇ હોકી સ્પર્ધામાં ગત વર્ષના વિજેતા ભારતે જાપાનને પરાજય આપીને સ્પર્ધાની સેમીફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------